PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/ક્વા–૦૧/૧૭–૧૮/ ૫૯૧૪ તા. ૧૨/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ફોરમ ગ્લેઝેડ ટાઈલ્સ,
૮–અ નેશનલ હાઈવે,,
બંધુનગર (મકનસર),
તા. મોરબી,
જી. મોરબી ( પીનકોડ : ૩૬૩ ૬૪૨)
મો: ૯૮૭૯૩ ૩૨૩૨૫

વિષય :–રાત્રી ના પાવર બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૭/ક્વા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ,

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No. 03 /D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૪૭/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીગ: તા. ૧૧–૦૭–૧૭ | સ્થળ : રાજકોટ |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ફોરમ ગ્લેઝેડ ટાઈલ્સ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી**

**રજુઆત કરનાર :આર.પી. ભટટ – નાયબ ઈજનેર શ્રી (ટેક) વિભાગીય કચેરી, મોરબી**

## : હુકમ :

**ફરીયાદ : રાત્રી ના પાવર બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના એચ.ટી. જોડાણ નં: ૨૬૦૨૨ ( સીડી –૪૦૦ કેવીએ), જે તા.૦૪–૧૨–૨૦૦૧ થી, એચ.ટી.પી.–૧ ટેરીફ હેઠળ ચાલુ કરાયેલ છે – આ એચ.ટી. જોડાણ નં: ૨૬૦૨૨( સીડી –૪૦૦ કેવીએ), જે પ્રથમ થી જ ૨૪ કલાક પ્રક્રીયા હેઠળ નુ ઉત્પાદકીય એકમ છે. પરંતુ, આ જોડાણ મા, જીઈઆરસી ના સમયાંતરે ના પ્રત્યેક ટેરીફ ઓર્ડર મા કરાયેલ જોગવાઈ મુજબ, પીજીવીસીએલ તરફથી – '' રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ સુધીના સમયગાળા દરમ્યાન – નાઈટ ટેરીફ– પ્રતિ યુનીટ ૪૦ પૈસા '' – મુજબ નુ બીલીગ થતુ ન હોય, આ મુજબ તેઓને પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ ના બીલીગ મા, ''નાઈટ ટેરીફ '' નો લાભ મળતો ન હોય, અને જોડાણ મા, સંપુર્ણ બીલીગ એચટીપી–૧ કેટેગરી મુજબ જ પ્રતિ યુનીટ ૮૫ પૈસા નુ બીલીગ થતુ હોય – જેથી, ૨૪ કલાક પ્રક્રીયા હેઠળ ના આ જોડાણ મા, '' – નાઈટ ટેરીફ– '' મુજબ નુ બીલીગ કરી – અગાઉ ના સમયગાળા ના તમામ વીજબીલો – જે રેકર્ડ આધારીત રીતે નાઈટ ટેરીફ હેઠળ વીજવપરાશ થયેલ હોવાની બાબત ને, ચકાસી અને યોગ્યતા નકકી કરી – તે મુજબ, અગાઉ ના '' એચ.ટી.પી–૧ ને બદલે એચ.ટી.પી–૪ મુજબ '' તબ્દીલ કરી, અને અગાઉ ના આ સમયગાળા મા, વધુ વસુલ થયેલ એવી તફાવતીય રકમ, સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના સદર એચ.ટી. જોડાણ નં: ૨૬૦૨૨ ( સીડી –૪૦૦ કેવીએ), જે અગાઉ તા.૦૪–૦૨–૨૦૦૧ થી એચ.ટી.પી–૧ બીલીગ કેટેગરી હેઠળ ચાલુ થયેલ છે. સદર જોડાણ મા, અગાઉ '' નાઈટ ટેરીફ – એચ.ટી.પી–૪ કેટેગરી '' મા બીલીગ સ્વીકારેલ છે. પરંતુ, આ એચ.ટી.પી–૧ કેટેગરી ના જોડાણ મા, ''જે નાઈટ અવર્સ – રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ દરમ્યાન – પ્રતિ યુનીટ – પ્રવર્તમાન રકમ ની ગણતરીએ – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણે'' બીલીગ કરવાને બદલે, જે '' એચ.ટી.પી–૧ કેટેગરી '' હેઠળ નુ બીલીગ થયેલ હોવાની બાબત, પીજીવીસીએલ તરફથી સ્વીકૃત થયેલ છે. |
| ૨.૨ | અરજદાર શ્રી એ તેમની ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા જોડાણ ચાલુ થયા તા. ૦૪–૧૨–૨૦૦૧ થી, પ્રાશ્ચ્યાત અસર થી – અગાઉ ના સમયગાળા મા, જે તે માસ માટે ના '' એચ.ટી.પી–૧ કેટેગરી ના બીલીગ ને, એચ.ટી.પી–૪ કેટેગરી હેઠળ, એટલેકે રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ સુધી ના નાઈટ વપરાશ '' મુજબ આવરી લઈ, અને આ તમામ બીલો ની તફાવતીય રકમ પરત મેળવવા માટે ની અરજી કરેલ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામાદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા કરાયેલ જોગવાઈ હેઠળ આવરી લઈ, અને – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણે'' બીલીગ કરવા માટે નો,વર્તુળ કચેરી તરફથી વિભાગીય કચેરી ને, અત્રેની કચેરી ને સુચનાત્મક પત્ર ક્રમાંક : એસી/એમઆરબી/ડીઆરસી/આર–૨/ એચ.ટી. નાઈટ ટેરીફ / ૨૮૧ તા.૧૮–૦૧–૧૭ થી મળેલ છે. જે મુજબ, તે સમયે પ્રવર્તમાન ટેરીફ ઓર્ડર મા કરાયેલ જોગવાઈ મુજબ, એચ.ટી.પી–૧ જોડાણ વાળા ગ્રાહક, જે એચ.ટી.પી–૪ |

| | |
|---|---|
| | કેટેગરી હેઠળ નાં બીલીગ ટેરીફ નો લાભ મેળવવા ઈચ્છતા હોય, તેવા ગ્રાહકો એ, સ્થાપન પર '' પોલીફેઇઝ મીટર તેમજ ખાસ કરીને ટાઈમ સ્વીચ '' સ્વખર્ચે લગાડી અને કચેરી ને લેખીત જાણકારી આપવાની બાબત, અરજદાર માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. |
| <u>૨.૩</u> | અરજદાર શ્રી ના જોડાણ મા, જોડાણ ચાલુ થયા તા. ૦૪–૧૨–૨૦૦૧ થી, એનાલોગ મીટર હૈયાત હતુ. અને, ત્યારબાદ તા.૨૭–૦૫–૨૦૦૨ ના રોજ એનાલોગ મીટર બદલાવી અને ઈલેકટ્રોનીક મીટર લગાડવામા આવેલ હતુ. ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની નિયમાધીન વિગતો ને આનુષાંગીક રહીને – અરજદાર શ્રી એ સદર જોડાણ પર લગાડેલ ટાઈમ સ્વીચ ની તારીખ થી – એટલેકે ટાઈમ સ્વીચ લગાડયા તારીખ પછી ના – અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સમયગાળા ના અગાઉ ના એટલેકે તમામ વીજબીલો – ખાસ કરીને, જે તે સમયગાળા ના બીલીગ માસ મા, જે તે માસ મા જણાયેલ એવા ''જે નાઈટ અવર્સ – રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ દરમ્યાન'' થયેલ એવા વીજવપરાશી યુનીટ ને – પ્રતિ યુનીટ, જે તે સમય ના, ટેરીફ ઓર્ડર મા મુકરર કરાયેલ યુનીટ ની રકમ ના દરે આવરી લઈ – અને તે મુજબ ની તફાવતીય ગણતરીએ થતી કુલ રકમ રૂ.૧,૫૧,૬૦૧/૨૫, જે અરજદાર શ્રી ના સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા આપેલ છે. અને આ જમા અસર અરજદાર શ્રી નેમાહે માર્ચ–૧૭ ના બીલ મા દર્શાવવામા આવેલ છે. આમ, અરજદાર શ્રી ની સદર ફરીયાદી નુ પીજીવીસીએલ કક્ષાએથી સકારાત્મક કામગીરી હેઠળ આવરી લઈ અને મહદઅંશે નિરાકરણ કરાયેલ હોવાનો, અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવે છે. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા, નામદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા દર્શાવેલ જોગવાઈઓ ને આનુષાંગીક હોવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકારે સ્વીકાર કરેલ છે. ખાસ કરીને એચ.ટી.પી–૧ કેટેગરી વાળા જોડાણો, જે '' રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ સુધી – રાત્રી પાવર '' વીજવપરાશ માટે વૈકલ્પીક સ્વીકારી, અને તેમના જોડાણ મા, '' પોલીફેઇઝ મીટર તેમજ ખાસ કરીને ટાઈમ સ્વીચ '' સ્વખર્ચે લગાડી અને કચેરી ને લેખીત જાણકારી, જે લેખીત દસ્તાવેજીક પેપર્સ સાથે ની અરજદારે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા જાણકારી આપવાની બાબત, ગ્રાહક માટે યોગ્ય અને વ્યાજબી અને નિયમાધીન છે. આ બાબત, જે નામદાર ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેશન કમીશન ના ટેરીફ ઓર્ડર મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ ની છે. |
| <u>૩.૨</u> | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, જો અરજદાર શ્રી તરફથી, અગાઉ તેમના સદર એચ.ટી.પી–૧ જોડાણ મા, '' પોલીફેઇઝ મીટર તેમજ ખાસ કરીને ટાઈમ સ્વીચ '' – જે, અરજદાર તરફથી, સ્વખર્ચે લગાડી અને પીજીવીસીએલ ને જાણકારી આપેલ હશે, અને તેના અનુસંધાને, પીજીવીસીએલ કક્ષાએથી સ્થળ ચકાસણી કરી અને, સદર એચ.ટી.પી–૧ જોડાણ ને, એચ.ટી.પી–૪ કેટેગરી હેઠળ ની યોગ્યતા, જે ખાસ કરીને, ટાઈમ સ્વીચ લગાડયા ની તારીખ તય કર્યા બાદ – આ ટાઈમ સ્વીચ લગાડયા તારીખ થી, અરજદાર શ્રી ના સદર એચ.ટી.પી–૧ કેટેગરી હેઠળ ના હૈયાત જોડાણ ને, એચ.ટી.પી–૪ કેટેગરી હેઠળ ની પીજીવીસીએલ તરફથી થયેલ નિયમાધીન સ્વીકૃતી ના અનુસંધાને, અરજદાર શ્રી ના સદર એચ.ટી.પી–૧ જોડાણ ના – ટાઈમ સ્વીચ લગાડયા તારીખ થી, આજદિન સુધી ના સમયગાળા ના તમામ વીજબીલો– કે જે પ્રત્યેક વીજબીલ ના – તે માસ મા ખાસ કરીને રેકર્ડ આધારીત રીતે જણાયેલ, ''જે નાઈટ અવર્સ – રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ દરમ્યાન ના– વીજવપરાશી જણાયેલ એવા કુલ યુનીટ ને – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણો હેઠળ આવરી લઈ '' અને તે મુજબ, '' સદર તબ્દીલી ને પાત્ર એવા તમામ બીલો ને '' – અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને તેમના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન કરી, અને તે મુજબ, યોગ્યતા વાળા તમામ એવા તબ્દીલ કરાયેલ એચ.ટી.પી–૪ કેટેગરી હેઠળ ના, સદર બીલો ની ગણતરી અન્વયે, જણાયેલ તફાવતીય રકમ, જે અરજદાર શ્રી ના સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા આપી, અને તેની અસર હવે પછી ના બીલ મા દર્શાવી, વગેરે તમામ કાર્યવાહી, એટલેકે, સવાલવાળા વીજબીલો ને '' રીવાઇઝ કરવા પાત્ર યોગ્ય એવા તમામ માસ ના બીલોને – નાઈટ ટેરીફ યુનીટ ના ધોરણે ની ગણતરી હેઠળ'' દિન–૧૦ મા – અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ, રીવાઇઝ કરી, અને તે મુજબ નો લેખીત પત્ર, અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પાઠવી, અને તે મુજબ નો અહેવાલ, ફોરમ સમક્ષ રજુ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

## હુકમ

**મુદદા નં.-૪ :**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની જાણકારી હેઠળ અને અરજદાર શ્રીં ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન કરી અને અરજદાર ની ફરીયાદી નુ, નિરાકરણ કરવા માટેનો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય ([illegible])
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.